# अठोतर सो नामें पार्श्वनाथ स्तोत्र

सं. मुनि भुवनचन्द्र

केटलांक वर्षो पूर्वे कोई एक भंडारना प्रकीर्ण पत्रमांथी उतावळे ऊतारी लीधेली आ कृति (ए ऊतारेली नकलना आधारे) अहीं प्रस्तुत करी छे. कविए रचनावर्ष आप्युं नथी, पण ए ज पानामां बीजां बे स्तवनो पछी- "संवत् १७६० वर्षे आसू सुदि ७ दिने लपिक्रीता मुंदरा बंदर मध्ये" एटलुं मळे छे. रचयिता श्री सहजकीर्तिनी बार जेटली कृतिओ जै.गू.क.मां नोंधायेली छे. सं. १६६१मां एमणे सुदर्शन श्रेष्ठी रास रच्यो छे. प्रस्तुत स्तोत्र जेवा ज विषयनी अन्य कृति 'जेसलमेर चैत्यप्रवाडि' १६७९मां रचाई छे. प्रस्तुत कृति पण एमनी ज रचना होवानी पूरी संभावना छे.

आ स्तोत्रमां संगृहीत थयेलां पार्श्वनाथ प्रभुना तीर्थस्थळो मोटा भागे आजे पण ए ज नामे प्रसिद्ध छे. चारसो वर्षमां आ नामो लोकजीभे बहु परिवर्तन नथी पाम्या ए जोई शकाय छे. सामान्य परिवर्तनो तरत पारखी शकाय एवा छे : महेव (मेवा नगर ?), ढिल्ली (दिल्ही) वगेरे. केटलांक नामो अजाण्यां लागे : छवटण, भोहुंड, तिलधार, आसोप, मरोट वगेरे. प्राचीन तीर्थ भद्रेश्वरनुं नाम आमां नथी, परंतु 'कुकड़सर' नाम छे. भद्रेश्वरनी तद्दन नजीक आ नामनुं गाम आजे पण छे. आनो अर्थ ए के ते समये बहारना लोको आ तीर्थने ए नामे ओळखता हशे अने तीर्थनी आसपास वसेलुं गाम ते वखते कदाच नहि होय.

विमलगिरि अने पालीताणा बे नाम स्वतंत्र रूपे अलग गण्यां छे. पालीताणा गाममां पार्श्वनाथ प्रभुनुं मुख्य देरासर ते समये हशे. गिरनार अने जूनागढ पण अहीं अलग लीधा छे. राणपुर ए राणकपुर ज होवानी शक्यता छे. एक ठेकाणे कागळ खवाई जवाथी अक्षरो त्रुटित छे. पांचमी कडीमां बे ज पंक्ति छे, ए लिपिकारनी भूलने लीधे छे के कविए ज एम कर्युं छे ते नक्की करवा माटे आनी अन्य प्रतिओ जोवी पडे.

इतिहास, पुरातत्त्व अने भूगोळना अभ्यासी विद्वानोने आ कृति पूरक

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

सामग्री लेखे उपयोगी थाय एवी छे. आ स्तोत्र अनुसार १०८ नाम आ प्रमाणे जणाय छे :

१. शंखेश्वर
२. राधणपुर
३. हडली
४. पाटण
५. पंचासर
६. नारिंगपुर
७. ....घाटण
८. ईडर
९. अहमदाबाद
१०. आसाउल
११. बीबीपुर
१२. मातर
१३. खंभपुर (खंभात)
१४. दीव
१५. कंसारी
१६. देवकुं पाटण
१७. वडनगर
१८. विमलगिरि
१९. वेलाउल (वेरावळ)
२०. गिरनार
२१. वीजापुर
२२. पालीताणा
२३. पालनपुर
२४. घोघा
२५. नवा नगर (जामनगर ?)
२६. सेरीसा
२७. वीसलपुर
२८. सलखणपुर (शंखलपुर)
२९. धंधूका
३०. धवलक (धोळका)
३१. देवगिरि
३२. जूनो गढ
३३. मेलगपुर
३४. झंझूवाडा
३५. मोरवाडा
३६. हमीरपुर
३७. चोरवाड
३८. कलिकुंड
३९. मांडवगढ
४०. उज्जैणी
४१. अंतरीक्ष
४२. भोहुंड
४३. पुंज(मुंज)पुर
४४. तारापुर
४५. दसपुर
४६. रतलाम
४७. नागद्रह (नागदा)
४८. कान्तिपुर
४९. बघणोर
५०. कप्पडहेडा
५१. श्रीपुर
५२. नवखंडा

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

५३. अमीझरा
५४. चित्रकूट
५५. नारदपुरी
५६. कुंभलमेर
५७. राणपुर
५८. वरकाणा
५९. गोहिल (गोहिलवाड?)
६०. सादडी
६१. नाडूल
६२. वींझेव
६३. शिवपुरी
६४. अर्बुदगिरि
६५. जीरापल्लि
६६. महेव (मेवानगर)
६७. जावालपुर
६८. भीणमाल
६९. गउडी (गोडी)
७०. पारक(र) (थरपारकर?)
७१. जेसाण
७२. मंगलोर (मांगरोळ)
७३. नागपुर
७४. मरोट
७५. छवट्टण
७६. मुलतान
७७. फलवधिपुर
७८. मेडता
७९. घंघाणी
८०. तिमरीपुर
८१. आसोप
८२. अजमेर
८३. पाली
८४. बीलाडा
८५. नीम्बाज
८६. जावरा
८७. मथुरा
८८. समेत(शिखर)
८९. अहिछत्रा
९०. आगरा
९१. राजगृह
९२. जवणपुर
९३. हत्थिपुर
९४. अलवर
९५. गोपाचल
९६. ढिल्ली(दिल्ही)
९७. रावण
९८. वाणारसी
९९. करहेडा
१००. तिलधार
१०१. मगसी
१०२. समेल (?)
१०३. दहथली (देथळी?)
१०४. पोसीना
१०५. कुकडसर (भद्रेश्वर?)
१०६. वडोदरा
१०७. चारूप
१०८. (?)

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

बीबीपुर पछी 'चिन्तामणि' नाम छे, तेने स्वतंत्र स्थळ गणीए तो १०८ नाम पूरां थई रहे[१] छे. केटलांक तीर्थस्थलोना पार्श्वनाथ प्रभुना बिंब आजे अन्य स्थळे बिराजमान होवानो संभव खरो. इतिहासविदो वधु प्रकाश पाडी शके.

ढालः सासनदेवी य पाय पणमेवी य - ए देसी ।

पास संखेसर सकल राधणपुर गाम हडली प्रगट पाटणै ए ।
नगर पंचासरइ प्रवर नारिंगपुरइ आपए सु— घाटणै ए ।
ईडरें अहमदाबाद आसाउलै बीबीपुर चिंतामणी ए,
मातरैं खंभपुर दीव कंसारीइं देवकै पाटणै जगधणी ए ॥१॥

ढाल । वडनगर विमलगिरि वेलाउल गिरनार,
वीजापुर पालीतणै पास कुमार,
पालणपुर घोघै नवैनगर सेरीस,
वीसलपुर सलषणपुर सोहै जगदीस ॥२॥

ढाल । धंधूकै पुर धलकै (धवलकै ?) ए, देवगिरें सुप्रकास,
जूनैंगढ मेलगपुरै ए, झंझूवाडै पास,
मोरवाडि हम्मीरपुर-चोरवाडि कलिकुंड,
मांडवगढ उज्जैणीयै ए अंतरीक भोहुंड ॥३॥

ढाल । पुंज (मुंज?) पुरें तारापुरइ ए, दसपुर रतलाम,
नागद्रह कंतीपुरइ ए, बघणोर सुठाम,
कप्पडहेडें श्रीपुरइं ए, नवषंड अमीझर,
चित्रकूट नारदपुरी ए, श्री पास सुहंकर ॥४॥

ढाल । कूंभलमेरइं राणपुरइ सदा,
श्री वरकाणै पास नमूं मुदा ।
(आ पछीनी २ पंक्ति प्रतिमां नथी)

---

१. बीबीपुर ते अमदावादनुं सरसपुर. तेमां शान्तिदास शेठे चिन्तामणि पार्श्वनाथनुं मन्दिर बांधेलुं तेनो आ उल्लेख छे.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

चालि । श्री पास गोहिल सादडी पुर नाडूलैं वींझेव ए,
शिवपुरी अर्बुदगिरिइं जीरापल्लिनगर महेव ए,
जावालपुर भीणमाल गउडी पारक[र?] जेसाण ए,
मंगलोर नागपुरें मरोटै छवट्टण मुलताण ए॥५॥

ढाल । गोडी । श्री फलवधिपुर जोधपुर,
मेडतें घंघाणी तिमरीपुरइ ए ।
आसोपइ अजमेर पाली,
बीलाडैं नींबाजै जावरैं ए ॥६

ढाल । मथुर समेत अहिछत्तपुर आगरइ,
राजगृह जवणपुर हत्थिपुर अलवर[इ],
नयर गोपाचलै ढिल्लीइ रावणे,
पास वाणारसी वंदीइ इकमणें ॥७॥

ढाल । करहेडै तिलधारइ ए, मगसी दुक्ख निवारइ ए,
तारइ ए पास समेलइ दहथली ए,
पोसीनें कुकडसरै पास सदा सानिध करै,
वडोदरै चारूपै आसा फली ए ॥८॥

ढाल । इय अठोतर सो सुभ ठामें,
जपतां पास जिणेसर नामें,
पामें ऋद्धि वृद्धि सुभ वास,
**सहजकीरति** सुखलील विलास ॥९॥

इति श्री अठोतर सो नामें **पार्श्वनाथ स्तोत्रम्** । (पत्रना अंते- संवत् १७६० वर्षे आसू सुदि ७ दिनें लपिक्रीता मुंदरा बंदर मध्ये ।)

जैन देरासर
नानी खाखर-३७०४३५
जि. कच्छ, गुजरात

❋ ❋ ❋

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org